અપીલ અરજી નં.૩૦૪ તા.૧૯–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ડો. બાબુલાલ એમ. શાહ

સામાવાળાઃ–ડે.કમિશનર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો. બાબુલાલ એમ. શાહની તા.૨૮–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી સુરત મહાનગરપાલિકાના કોમ્પ્યુટર ઓપરેટરોના કોન્ટ્રાકટર સી.એસ. એમ. એસ. અને શીવ સાંઈ કોન્ટ્રાટરોના કોમ્પ્યુટર ઓપરેટરોના વર્ક ઓર્ડર પી.એફ અને કર્મચારી ઈન્સ્યુરન્સઅને સર્વીસટેક્ષ વિગેરેની મુદ્દા નં.૧ થી ૧૨ ની માહિતી બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૯–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૩૦૪/૨૦૦૯–૧૦

શ્રી ડો. બાબુલાલ એમ. શાહની તા.૨૮–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી સુરત મહાનગરપાલિકાના કોમ્પ્યુટર ઓપરેટરોના કોન્ટ્રાકટર સી.એસ. એમ. એસ. અને શીવ સાંઈ કોન્ટ્રાટરોના કોમ્પ્યુટર ઓપરેટરોના વર્ક ઓર્ડર પી.એફ અને કર્મચારી ઈન્સ્યુરન્સઅને સર્વીસટેક્ષ વિગેરેની મુદ્દા નં.૧ થી ૧૨ ની માહિતી બાબતે ફકત અરજી લો ડીપાર્ટમેન્ટમાં ટ્રાન્ફસર કરેલ છે અને કોઈ પ્રશ્નનો ઉત્તર મળેલ નથી તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૯૯ તા.૪–૧–૧૦ થી ડે.કમિશનર(પઅનેઈ) ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૩૫૬ તા.૩–૧૧–૦૯ સાથે સામેલ કરેલ અનુક્રમ નં.૧ થી ૫૧ લીસ્ટ મુજબના અત્રેના ખાતાના લાગત જાહેર માહિતી અધિકારીઓને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ તરફથી પત્ર ન.નોર્થઝોન/આ.નં.૭૧૪૩ તા.૧૩–૧–૧૦ થી પૂરક વિગતો મળેલ છે. એન.ઝેડ/આ.નં.૭૧૦૧ તા.૧૨–૧–૧૦ થી નકલ નંગ–૪૦ વિના મૂલ્યે પૂરી પાડેલ છે. તથા ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી જવાબ નં.જીએડી/ઈએસટી/૩૨૨૫ તા.૧૩–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની આઈ ડી નં.૮૫૪ તા.૨૮–૧૦–૦૯ ની મુળ અરજીની નકલ, તથા સેન્ટ્રલઝોન તરફથી આરટીઆઈ/જાવક/૧૦૩૨ તા.૨૯–૧૦–૦૯ ના રોજ પર્સોનલ ઓફિસર (મહેકમ)ને તબદીલ કર્યાના પત્રની નકલ, મહેકમ વિભાગત રફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૩૫૬ તા.૩–૧૧–૦૯ થી લાગત ડીપાર્ટમેન્ટ સામે લીસ્ટ મુજબ તબદીલ કર્યાની નકલ જે નકલની કોપી પ્રો.ફંડ સર્વીસટેક્ષ અને ઈ.એસ.આઈ. સત્તા મંડળને તબદીલીની નકલ મોકલવામાં આવેલ છે. તે નકલ તથા પત્ર નં.જીએડી/ઈએસટી/૨૬૩૭ તા.૨૧–૧૧–૦૯ થી પાના નંગ–૨૩૯ પ્રતિ ૨/– લેખે રૂા.૪૭૮/– ભરપાઈ કરી માહિતી મેળવવા પાઠવેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી ઈ.એસ.આઈ. સર્વીસટેક્ષ તથા પ્રો.ફંડ કચેરીને પોસ્ટ કર્યા અંગે પુરાવા તરીકે ટપાલબુકની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે. જાહેર માહિતી અધિકારી આસી. કમિશ્નર(ફા.) મ. જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) અને સેકશન ઓફિસર (ઉધનાઝોન) તરફથી અત્રેના વિભાગને મુળ અરજીની નકલ અત્રેના ઝોનને મળેલ નથી તેવા પત્રની નકલ પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૨૮–૧૦–૦૯ ની અરજીથી અરજદારે મુદ્દા ન.૧ થી ૧૨ માં માહિતી માંગવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧ સુમપામાં આકાર સી.એસ.એમ.એસ., અને શીવસાંઈ કોમ્પ્યુટ ઓપરેટરો જે સીવીક સેન્ટરો માટે ફાળવવામાં આવ્યા છે તે કયા વર્ષથી અને કઈ તારીખેથી આ બંને કંપનીઓને કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે તેની વિગતવાર વર્ક ઓર્ડર સહિતની માહિતી આપવા બાબત. મુદ્દા નં.૨. આ બંને કંપનીઓ ધ્વારા જે તે સીવીક સેન્ટરોમાં બેસાડવામાં આવેલા માણસોને પી.એફ. ભરે છે કેમ? મુદ્દા નં.૩. જો ભરતા હોય તો તેના નામ સરનામા, અને પી.એફ. ની રસીદ સાથેની પ્રમાણિત રસીદની નકલ આપવી. (૨૦૦૪ થી આજ દિન સુધીની) મુદ્દા નં.૪. જો પી. એફ. ન ભરતા હોય તો તેના માટે જવાબદાર અધિકારીનું નામ, હોદ્દો અને કર્મચારીનંબર સાથેની માહિતી આપવા બાબત. મુદ્દા નં.૫. જો પી.એફ. ભરાતો હોય અને ડમી નામથી ભરવામાં આવતો હોય અથવા તો ભરાયેલ ન હોય તો તેના માટે જવાબદાર કોણ? જે તે જવાબદાર વ્યકિત હોય તો તેની ઉપર કોર્પોરેશન શું પગલા લેશે. મુદ્દા નં.૬. આ ઉપરોકત બંને કંપનીઓ રાખવામાં આવતા તમામ માણસોને ઈ.એસ.આઈ. ભરે છે કે કેમ? મુદ્દા નં.૭. જો ઈ.એસ.આઈ. ભરતા હોય તો તેના નામ, સરનામા અને પી.એફ.ની રસીદ સાથેની પ્રમાણિત રસીદની નકલ આપવી. (૨૦૦૪ થી આજ દિન સુધી) ૮. જો ડમી નામથી ભરવામાં આવતો હોય અથવા ઈ.એસ.આઈ. ભરાયેલ ન હોય તો તેના માટે જવાબદાર કોણ? જે તે જવાબદાર વ્યકિત હોય તેની ઉપર કોર્પોરેશન શું પગલા લેશે? મુદ્દા નં.૯. આ બંને કંપનીઓ ધ્વારા જે તે સીવીક સેન્ટરોમાં બેસાડવામાં આવેલ માણસોને સર્વીસ ટેક્ષ ભરે છે કે કેમ? મુદ્દા નં.૧૦. જો સર્વીસટેક્ષ ન ભરતા હોય તો તેના માટે જવાબદાર અધિકારનું નામ હોદ્દો અને કર્મચારી નંબર સાથેની માહિતી આપવા બાબત. મુદ્દા નં.૧૧. જો ડમી નામથી ભરવામાં આવતો હોય અથવા તો ઈ.એસ.આઈ.ભરાયેલ ન હોય તો તેના માટે જવાબદાર કોણ? જે તે જવાબદાર વ્યકિત હોય તેની ઉપર કોર્પોરેશન શું પગલા લેશે? મુદ્દા નં.૧૨. શ્રી હવેલીવાલા (મધ્યસ્થ મહેકમ) મુગલીસરામાં કલાર્ક છે તેનું નામ, સરનામું, કર્મચારી નંબર જયારથી મધ્યસ્થ મહેકમમાં આવ્યા ત્યારથી અત્યાર સુધીની વર્ક ડાયરીની નકલ તે નોકરીમાં જોઈન્ટ થયા ત્યારે આપેલ તમામ પુરાવા તેની ખાતાકીય કામગીરી શું? તેણે બજાવેલી તમામ કામગીરીનું વર્ણન વિગતવાર પુરાવા સહિત આપવા

બાબતની માંગણી કરેલ છે. જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ થી ૧૨ પૈકી અન્ય સત્તા મંડળને સ્પર્શતી માહિતી બાબતે લાગત લીસ્ટમાં જણાવેલ પ્રો. ફંડ કચેરી, ઈ.એસ.આઈ. કચેરી અને સર્વીસટેક્ષ કચેરીને પત્ર નં.જીએડી/ઈએસટી/૨૩૫૬ તા.૩–૧૧–૦૯ થી અરજી તબદીલ કરવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી સદર માહિતી અધિકારીને પાઠવેલ પત્રો પહોંચતા કર્યા અંગે રીઝીવ કર્યાની સહી સાથેની ટપાલબુકની નકલ રજૂ કરેલ છે. તથા પત્ર નં.જીએડી/ઈએસટી/૨૬૩૭ તા.૨૧–૧૧–૦૯ થી માંગેલ માહિતી અને દસ્તાવેજો માટે રૂા.૪૭૮/– કચેરીમાં રકમ જમાં કરાવ્યેથી માહિતી દસ્તાવેજોની નકલો આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું નિયત સમય મર્યાદામાં અરજદારને જણાવવામાં આવેલ છે. તેવી વિગતો સહ પૂરક માહિતીમાં લીસ્ટ પૈકી નિર્દિષ્ટ ત્રણ જ ખાતાને તબદીલ કર્યાની વિગત જણાવેલ છે. વધુમાં અરજદારને ફી ભરવાનો પત્ર પોસ્ટમાં ફ્રેન્કીંગ પધ્ધતિથી મોકલ્યાના પુરાવાની નકલ રજૂ કરેલ છે .જે બાબતે અરજદાર તરફથી કોઈ પણ ફી ભરપાઈ કરી માહિતી મેળવી હોય તેવી વિગતો બંને પક્ષકાર પૈકી કોઈ પણ પક્ષકારે રજૂ કરેલ નથી. તેમજ કતારગામઝોન તરફથી નં.એન.ઝેડ/આ.નં.૭૧ ૦૧ તા.૧૨–૧–૧૦ થી નકલ નંગ–૪૦ ની માહિતી વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અન્ય સત્તા મંડળને સ્પર્શતી માહિતી સિવાયની અત્રેના સત્તા મંડળ હેઠળની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસડી/૨૬૩૭ તા.૨૧–૧૧–૦૯ થી માહિતી અને દસ્તાવેજો માટે રૂા.૪૭૮/– જમાં કરાવી માહિતી આપવાની તૈયારી બતાવેલ છે. જે અરજદાર ઈચ્છુક હોય તો જણાવેલ ફી કલમ–૭(૩) અને નિયમ–૫ મુજબ લાગુ કિસ્સામાં ભરીને માહિતી મેળવી શકે છે. જાહેર માહિતી અધિકારી મહેકમ ધ્વારા સમય મર્યાદામાં માહિતી પૂરી પાડવા તૈયારી દર્શાવેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી બાબુભાઈ એમ. શાહ